**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા** (જાન્યુઆરી, ૨૦૦૪)

**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦** | **પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ - પ્રશ્નપત્ર-૧** | **કુલ ગુણ : ૧૦૦**

('વચનામૃત'ના આધારે)

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.**

**પ્રશ્ન.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. દેહને પોતાનું સ્વરૂપ માનવું નહીં અને દેહના સંબંધીને પોતાના સંબંધી માનવા નહીં - શ્રીહરિનો દૃષ્ટાંત સભર સંદેશ.
૨. જ્યારે ભગવાનનો નિશ્ચય યથાર્થ થાય છે ને યથાર્થ મહિમા સમજાય છે, ત્યારે તેને ભૂંડા ઘાટ માત્ર ટળી જાય છે.
૩. દારૂનો ઢગલો અને અગ્નિનો તણખો - દૃષ્ટાંત-સિદ્ધાંત સમજાવો.
૪. એવી રીતે સ્વાભાવિકપણે વર્તાય ત્યારે જાણીએ જે વાસના જિતાણી.
૫. પંચ ઇન્દ્રિયો દ્વારા જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થશે.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. અનંત મુક્ત થઈ ગયા .............................................................. કોઈ સમર્થ નથી.
૨. જેને પંચ વર્તમાનમાં કોઈ ................................................................ સહેજે જ હેત થાય છે.
૩. એવી નિષ્ઠાવાળો જે સંત ............................................................... ઉદ્ધાર થાય છે.
૪. આવી સમજણ હોય ........................................................... થાય છે એમ સમજે.
૫. કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી ................................................................ એને જ બુદ્ધિવાળો કહીએ.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. ભગવાનનું સ્વરૂપ    ૨. એકાંતિકપણાની ભક્તિ

('સ્વામીની વાતો'ને આધારે)

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (ગુણ ૫)

૧. મહારાજે મુક્તાનંદ સ્વામીને કોનો સમાગમ કરવા કહ્યું ?
૨. શા માટે બ્રહ્મરૂપ થવું જોઈએ ?
૩. મહારાજ કેટલા જીવનો ઉદ્ધાર કરવા ઇચ્છે છે ?
૪. મહારાજ કોને પૂછ્યું કે દેશમાં મનુષ્ય કેવા છે ?
૫. સાંપ્રદાયિક સંદર્ભ મુજબ ફૂલવાદી અને ગારુડી બંનેની વ્યાખ્યા લખો.

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** (ગુણ ૫)

૧. ...................... પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ. (બ્રહ્મભૂતાના, બ્રહ્મસ્વરૂપ, બ્રહ્મભૂતઃ)
૨. પ્રભુ ભજી લેવા પણ .......................... થાવું નહિ. (રાજા, આળસુ, પ્રધાન)
૩. આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય તે તો ............................ ખાધા જેવું છે. (પાટુ, ધોલ, ગરદાપાટુ)
૪. અનંત કલ્પ સુધી .......................... દુઃખને ભોગવશે. (દ્રોહી, નિરાકારવાદી, વિમુખ)
૫. જેટલું અજ્ઞાન છે તેટલો જ .......................... થાય છે. (દ્રોહ, ફેલ, કુસંગ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. ઘોડાનો સ્વપ્નમાં પગ ભાંગ્યો - દૃષ્ટાંતનો સિદ્ધાંત    ૨. અક્ષરધામની સર્વોપરિતા.
૩. શ્રીજીમહારાજ અને મોટા સંતની દૃષ્ટિની પ્રાપ્તિ.    ૪. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી.

('ભગતજી મહારાજ'ને આધારે)

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. ભગતજી મહારાજનું ઐશ્વર્યદર્શન    ૨. ભગતજી મહારાજની વચનામૃત નિરૂપણની છટા.
૩. ભગતજી મહારાજે અનેકને કરાવેલ અક્ષરનો નિશ્ચય.    ૪. ભગતજી મહારાજ : નિર્માનીતાનો આદર્શ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. ભગતજી મહારાજના પત્રો    ૨. જેઠાભાઈ અને ગણપતરામ મહુવામાં.
૩. ચંદની સીવ્યા પછી ભગતજી પર સ્વામીશ્રીનો રાજીપો    ૪. વાંસદાના દીવાનને જ્ઞાનોપદેશ.

નોંધ : (૧) **ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.**

(૨) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યાં વગર વર્ગસુપરવાઇઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર મેળવી લઈને પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડ્યા બાદ વર્ગસુપરવાઇઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૩) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

* * *